# મોડાસાના કશ્યપ બંગ્લોઝમાંથી નગરપાલિકા દ્વારા ગેરકાયદેસર ૧૨ નળ જોડાણો ઝડપ્યા

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૪

મોડાસાની કશ્યપ બંગ્લોઝ સોસાયટીમાં ગેરકાયદેસર જોડાયેલા નળ જોડાણો કરાયા હોવાની જાણ નગરપાલિકાના પાણી પુરવઠા વિભાગને થતાં પાલિકા ધ્વારા કસુરવાર ૧૨ શખ્શોને નોટસી પાઠવવામાં આવી છે.

માલપુર રોડ માર્ગ વિસ્તારમાં આવેલ કશ્યપ બંગ્લોઝ સોસાયટીમાં કેટલાક રહીશોએ પાલિકાની જાણ બહાર પીવાના પાણીની પાઈપ લાઈનમાંથી ગરેકાયદેસર જોડાણ કરી પાણીનો જથ્થો મેળવતા હોવાની ફરીયાદ પાલીકાના પાણી પુરવઠા વિભાગને કરવામાં આવી હતી.

આ એક માત્ર સોસાયટીમાં ૩૦થી વધુ રહીશો ગેરકાયદેસર જોડાણ ધરાવતા હોવાની બાતમી બાદ પાલીકા પ્રમુખ એસ. આર. પટેલ, એલ. બી. દેસાઈ ધ્વારા તપાસના આદેશો આપવામાં આવ્યા હતા. જે અંર્તગત પાલિકાના ઈજનેર દેવાંગ સોની અને પાણી પુરવઠા વિભાગના મીકેત પટેલ અને એઝાઝ બલોચ છેલ્લા બે દિવસથી ચેકિંગની કાર્યવાહી આ રહેણાંક વિસ્તારમાં કરવામાં આવી હતી. જેમાં ૧૨ જેટલા મિલકત ધારકો ગેરકાયદેસર પાણીના નળ કનેકશનનુ જોડાણ લીધુ હોવાનુ બહાર આવયુ છે. જેને લઈને નગરપાલિકા ધ્વારા આ તમામને નોટીસ ફટકારવામાં આવી છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## તલોદ તાલુકાની રણાસણ હાઈસ્કૂલમાં વાર્ષિકોત્સવનું આયોજન

તલોદ, તા. ૪

તલોદ તાલુકાના રણાસણ ખાતે સી.વી. ગાંધી હાઈસ્કૂલનો વાર્ષિકોત્સવ-૨૦૧૫ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન આગામી તા. ૮-૨-૨૦૧૫ને રવિવારના રોજ બપોરે ૨.૦૦ વાગ્યાથી સ્કૂલના કેમ્પસમાં યોજાશે.

રણાસણ કેળવણી મંડળના મંત્રી લલિતકુમાર ત્રિવેદીએ વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે સી.વી. ગાંધી હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાલમાં વિવિધ ક્ષેત્રોમાં ગૌરવપુર્ણ સ્થાન ધરાવે છે. જેનાથી સંસ્થા ગૌરવ અનુભવે છે. આ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનનું સંસ્થા દ્વારા આયોજન કરાયું છે. વધુમાં સંસ્થા દ્વારા વાર્ષિકોત્સવ-૨૦૧૫ની ઉજવણી રાત્રે ૮.૩૦ કલાકથી કરવામાં આવશે. જેમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ઈનામ વિતરણ કાર્યક્રમ પણ યોજાશે.

આ પ્રસંગને સફળ બનાવવા રણાસણ કેળવણી મંડળના પ્રમુખ પ્રકાશચંદ્ર શાહ, સ્કૂલના આચાર્ય રજનીકાન્ત પટેલ સહિત કેળવણી મંડળના સભ્યો જહેમઠ ઉઠાવી રહ્યા છે. આ કાર્યક્રમમાં શાળા પરિવારના સભ્યો સહિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

# મોડાસાની પાવન સીટી ફ્લેટની સ્કીમમાં સેલ્સ એન્ડ સર્વિસ ટેક્ષની ટીમ દ્વારા સર્ચ ઓપરેશન

મોડાસા, તા. ૪

મોડાસા શહેરના મેઘરજ રોજ પર આવેલી પાવનસીટી નામની મલ્ટી સ્ટોરેજ બિલ્ડીંગ સ્કીમમાં કરચોરી થતી હોવાની શંકાના આધારે અમદાવાદ સ્થિત સેલ્સ એન્ડ સર્વિસટેક્ષ વિભાગની જ અધિકારીઓની ટીમે એ તપાસ હાથ ધરી હતી અને મોડીરાત સુધી સર્ચ ઓપરેશનની કામગીરી ચલાવાની શક્યતા રહેલી છે.

મોડાસા શહેરના મેઘરજ રોડ પર મોડાસાની સૌથી મોટી અને લક્ઝુરીયસ ફ્લેટ એન્ડ દુકાનો ધરાવતી પાવનસીટી નામની સ્કીમનું કામકાજ ચાલુ છે. આ સ્કીમમાં બાંધકામમાં સીમેન્ટ, લોખંડ, ટાઈલ્સ સહિતના માલસામાન સાધન સામગ્રીની ખરીદી યોગ્ય રીતે કરવામાં આવી છે કે કેમ ? તેની તપાસ અર્થે અમદાવાદ સ્થિત સેલ્સ એન્ડ સર્વિસ ટેક્ષ વિભાગના ૩ અધિકારી અને ૧ પટાવાળા સહિત ૪ કર્મચારીઓની બનેલી ટીમ ત્રાટકી હતી. અને તમામ દસ્તાવેજ જપ્ત કરીને કોઈ ટેક્ષની કરચોરી કરવામાં આવી છે કે કેમ ? તેની તપાસ હાથ ધરાતાં ફફડાટ વ્યાપી ગયો છે. આ અધિકારીઓ પાવનસીટીની ઓફિસમાં ત્રાટક્યા હતા અને બંધ બારણે ચકાસણી હાથ ધરી છે. આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર મોડાસા શહેરમાં બે થી ત્રણ બિલ્ડરોના ત્યાં સેલ્સ એન્ડ સર્વિસ ટીમની તપાસ હાથ ધરી છે. બીજા બધા બિલ્ડરો ભૂગર્ભમાં ઉતરી ગયા હોવાની અથવા ઓફીસે તાળા મારી બહાર જતા રહ્યા છે જેથી આ તપાસ અધિકારીથી બચવામાં સફળતા મળે.



(તસવીર : જય અમીન, મોડાસા)

## સલાલ શ્રીમદ્ સત્સંગી જીવન પંચાન્દ પારાયણનું આયોજન

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં સલાલ ગામે નૂતન મંદિર સંસ્કાર કેન્દ્રના ગંગા સ્વરૂપ દિવાબેન ગિરધરભાઈ પટેલના પરિવાર દ્વારા તા. ૪થી ફેબ્રુઆરીથી ૮મી ફેબ્રુઆરી સુધી શ્રીમદ્ સત્સંગી જીવન પંચાન્દ પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ દિવસે અમદાવાદના સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય પુરૂષોત્તમ પ્રિયદાસજી દ્વારા આશિર્વચન પાઠવવામાં આવ્યા હતા. જેમાં તેમણે ભગવાન સ્વામિનારાયણે કહેલ પંચ વર્તમાનનું પાલન કરી વ્યસન અને ફેશન મુક્ત જીવન જીવવા શ્રોતાઓને હાંકલ કરી હતી.



અરવલ્લી જિલ્લામાં મેઘરજ ખાતે નવ નિયુકત વિદ્યા સહાયકોની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમમાં મેઘરજ તાલુકાના ૮૧, મોડાસાના ૨૮ અને માલપુરના ૪૦ એમ કુલ ૧૪૯ વિદ્યાસહાયકોને ૧૫ તજજ્ઞો દ્વારા ગુણવત્તાસભર તાલીમથી સજ્જ કરાઈ રહ્યાં છે. આ તાલીમનું સફળ સંચાલન મેઘરજ બીઆરસી દિલીપભાઈ પટેલ કરી રહ્યા છે. (તસવીર : જય અમીન)

# મોડાસામાં નંબર પ્લેટ લગાવવામાં કોન્ટ્રાકટર દ્વારા ચલાવાતી ઉઘાડી લૂંટ

### કોન્ટ્રાકટર નિયત દર કરતાં વધુ પૈસા ઉઘરાવતા હોવાની બુમ : આરટીઓને રજુઆત કરાશે

(સમીર બલોચ) મોડાસા, તા.૪

અરવલ્લી જિલ્લામાં આરટીઓ કચેરીનુ વહીવટતંત્ર જાણે ખાડે ગયુ હોય તેમ નંબર પ્લેટ લગાવતી એજન્સી ધ્વારા ગ્રાહકો જોડે બેફામ લૂંટ ચલાવામાં આવતી હોવાની બુમ ઉઠવા પામી છે.

આરટીઓ ધ્વારા નવા વાહનોમાં આરટીઓની નંબર પ્લેટ લગાવવા માટે કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે. ત્યારે કોન્ટ્રાકટર ધ્વારા નિયત ફી કરતાં વધારાનો ચાર્જ વસુલ કરવામાં આવતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ગુજરાત માર્ગ વાહન વ્યવહાર વિભાગ ધ્વારા નાનામોટા તમામ વાહનોને ઠરાવેલ ધારાધોરણ મુજબની જ નંબર પ્લેટ ફીટ કરવાના આદેશો કરવામાં આવ્યા છે નવા નિયમો મુજબ ફરજિયાત બનાવવામાં આવેલ હોઈ સીકયુરીટી રજીસ્ટ્રેશન પ્લેટ વાહનોમાં ફીટ કરવાના વિભાગ ધ્વારા કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે ત્યારે મોડાસા ખાતે વાહન માલિકોમાં ઉઠેલી ફરીયાદ મુજબ વાહનોમાં નંબર પ્લેટ લગાવવા માટે કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે. ત્યારે કોન્ટ્રાકટર ધ્વારા ઠરાવેલ દર કરતાં વધુ વસુલવામાં આવતો હોવાની ફરીયાદ ઉઠવા પામી છે.

આ અંગે ગાજણ ગામના રહેવાસી જસવંતભાઈના જણાવ્યા અનુસાર આ કોન્ટ્રકટર બે થી ત્રણ વાર ધકકા ખવડાવ્યા પછી પણ નંબર પ્લેટ લગાવી આપતા નથી સોમવારના રોજ નંબર પ્લેટ લગાવવા પહોચેલા આ વાહનના માલીકને નંબર પ્લેટ લગાવવા હવે પછી ૧૦ દિવસનો વાયદો કરવામાં આવેલ છે. જયારે મોડાસા ખાતે રહેતા મુકેશભાઈના જણાવ્યા અનુસાર આરટીઓના નીયમ મુજબ ટુ વ્હીલરની નંબર પ્લેટ લગાડવાના ૧૨૦ રૂ.માં અને ફોર વ્હીલરની નંબર પ્લેટ રૂ. ૩૫૦માં ફીટ કરવાની હોય છે. જયારે આ કોન્ટ્રકરના માણસો ધ્વારા પ્લેટ લગાવવા આવતા માણસોને ધકકો ખવડાવી ઘરે બેઠા પ્લેટ ફીટ કરવાનો અલગથી ચાર્જ વસુલવાની નીતી અખત્યાર કરાઈ છે. ત્યારે આ અંગે આરટીઓ ધ્વારા તપાસ કરાવીને આ એજન્સી ધ્વારા ગ્રહકોને લુટવામાં આવે છે તે બાબતે તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

# પંચમહાલનો કીમીયાગર યુવાને જીતપુર ગામના ૫ યુવાનોને ૧૬ લાખમાં ડુબાડ્યા

મોડાસા, તા. ૪

સામાન્ય રીતે ભોળા સ્વભાવના લોકો વારંવાર છેતરપીંડીનો ભોગ બનતા હોય છે. ઠગબાજો નિત નવા પેંતરા રચી સામાન્ય માણસોને લોભાવી, લલચાવી એકના ડબલ કરવા, સસ્તા ભાવે સોનુ તેમજ વિદેશમાં નોકરી અપાવવી કે પછી સરકારી નોકરી અપાવવાના બહાને વિશ્વાસ કેળવી છેતરપીંડી કરતા હોય છે. ત્યારે બાયડ તાલુકાના જીતપુર ગામના યુવાનોને પંચમહાલનો ભેજાબાજ યુવાન સરકારી નોકરી અપાવવાના બહાને ૧૬ લાખ રૂપિયા ઉઘરાવી ફરાર થઈ જતાં બાયડમાં આ કિસ્સો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે.

બાયડ તાલુકાના જીતપુર ગામમાં બેરોજગાર યુવાનોને પોતાની ચાલમાં આબાદ રીતે સપડાવી પંચમહાલ જિલ્લાનો ઈસમ ફરાર થઈ ગયો છે. બાયડ તાલુકાના જીતપુર ગામના યુવાનોનો વિશ્વાસ કેળવી વડોદરા આયકર વિભાગમાં કલાર્કની નોકરી અપાવવાના બહાને વિશ્વાસ કેળવી જીતપુરના બેરોજગાર યુવાનોને વડોદરા આયકર કચેરીની મુલાકાતે લઈ ગયો હતો અને ત્યાં બેઠેલા તેના સાગરીત કે પછી અધિકારીના જોડે વાત કરાવી યુવકોને આયકર કચેરીમાં સરકારી કલાર્કની નોકરી મળશે તેવો અહેસાસ કરાવી વિશ્વાસમાં આવી જઈ ઈસમની વાતોથી અંજાઈ જઈ નોકરી નક્કી મળી જશે તેમ માની ૧૬ લાખ જેટલી માતબર રકમ આ ભેંજાબાજ ઈસમને આપી દીધી હતી. સરકારી કલાર્કની નોકરીની નિમણુંક ઓર્ડર મળશે તેની રાહ જોયાના મહિનાઓ વિતી ગયા હોવા છતાં કોઈ જ પરિણામ ન ઉપજતાં બેરોજગાર યુવાનો અને પરિવારો ઠગાયા હોવાનો અહેસાસ સાથે ચિંતિત બની ગયા છે. આધારભુત સુત્રોના જણાવ્યા અનુસાર રાજ્યમાં યુવાનો સરકારી નોકરી મેળવવા માટે મથામણ કરતા હોય છે ત્યારે આવા ભેજાબાજ કિમીયાગર લોકો આવા લાલચુ યુવાનોને નિશાન બનાવી આબાદ છેતરપીંડી કરી હવામાં ઓગળી જતા હોય છે.

### સરહદી બનાસકાંઠા જિલ્લો પણ સ્વાઈન ફ્લુના સકંજામાં

# પાલનપુર સિવિલ હોસ્પિટલમાં શંકાસ્પદ સ્વાઈન ફ્લુના ૭ કેસ નોંધાતા ફફડાટ

### ડીસાના એક પરિવારના ૬ સભ્યો અને થરાદના એક વ્યક્તિને શંકાસ્પદ સ્વાઈન ફ્લુ

પાલનપુર, તા. ૪

ગુજરાતમાં સ્વાઈન ફ્લુના કેસોનું પ્રમાણ દિન-પ્રતિદિન વધતુ જાય છે ત્યારે સરહદી બનાસકાંઠા જિલ્લામાં પણ સ્વાઈન ફ્લુનો પગ પેસારો થઈ ચૂક્યો છે. સરહદી બનાસકાંઠા જિલ્લો પણ જાણે સ્વાઈન ફ્લુના સકંજામાં આવી ગયો હોય તેમ શંકાસ્પદ સ્વાઈન ફ્લુના સાત કેસ નોંધાતા ચકચાર મચી જવા પામી હતી.

સ્વાઈન ફ્લુ જેવા લક્ષણો ધરાવતા ડીસાના વિપ્ર પરિવારના છ સભ્યો આજે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવ્યા હતા. વિપ્ર પરિવારના ત્રણ મહિલા અને ત્રણ પુરૂષ મળી છ સભ્યોમાં શંકાસ્પદ સ્વાઈનફ્લુ હોવાના લક્ષણો જોવા મળ્યા હતા. જ્યારે થરાદના એક બારોટ સમાજના શખ્સને પણ શંકાસ્પદ સ્વાઈન ફ્લુ હોવાના અહેવાલો વચ્ચે તેને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હોવાનું જાણવા મળ્યું છે.

આમ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં છ જેટલા શંકાસ્પદ સ્વાઈન ફ્લુના કેસ આવતા સિવિલ હોસ્પિટલના સ્ટાફ સહિત આરોગ્યતંત્રમાં પણ દોડધામ મચી જવા પામી હતી. ત્યારે જિલ્લા આરોગ્ય તંત્ર તકેદારીના પગલાં ભરે તેવી લોક લાગણી પ્રવર્તી રહી છે.



## તરકવાડા પંચાયત ભવનની બદતર હાલત

મેઘરજ તાલુકાના તરકવાડા ગામે રાજીવ ગાંધી ગ્રામ પંચાયત ભવન લગભગ ૧૬ લાખના ખર્ચે બનાવેલ છે પરંતુ તેની ચારે બાજુ બાવળીયા એટલાં બધા છે કે આખું મકાન ઢંકાઈ જાય છે. આ ભવનના નિર્માણમાં વપરાયેલ નાણાંની સામે તેની પરિસ્થિતિ જોતા લોકોમાં અનેક તર્ક વિતર્કો ચાલી રહ્યા છે. (તસવીર : જય અમીન)

# મેઘરજના ધોળાપાણાની દૂધ ઉત્પાદક સહકારી મંડળીનું કોમ્પ્યુટર બળીને ખાખ

ઈસરી, તા.૪

મેઘરજ તાલુકાના અંતરીયાળ વિસ્તારમાં આવેલા ધોળાપાણા ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીનું કોમ્પ્યુટર અગમ્ય કારણોસર બળીને ખાખ થઈ જતાં સમગ્ર ગામમાં અને પંથકમાં ચકચાર મચી ગઈ છે. કોમ્પ્યુટરમાં લાગેલી આગ ખરેખર આકસ્મિક છે કે પછી જાણી જોઈને ઘટનાને અંજામ આપવામાં આવ્યો છે એ સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ ઘટનાની ઈસરી પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધવામાં આવી છે.

મેઘરજથી ૧૬ કીમી અંતરે આવેલા ધોળાપાણા ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં ૨ ફેબ્રુઆરી સોમવારે સાંજના સમયે દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં સેવા કરતા લોકો દૂધ મંડળી બંધ કરીને ગયા હતા ત્યાર બાદ ૩ ફેબ્રુઆરી મંગળવાર સવારે દુધ સહકારી મંડળીનું બારણું ખોલતાં અંદરથી બળવાની વાસ આવતાં અંદર તપાસ કરતા કોમ્પ્યુટર બળીને ખાખ થઈ ગયું હોવાનું માલુમ પડયું હતું. જે અંગે ધોળાપાણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના સેક્રેટરી રમણભાઈ રામજીભાઈ મનાત દ્વારા ઈસરી પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદના આધારે ઈસરી પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ. એમ.ડી. પરમારે સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચી સ્થળનું પંચનામું કરતાં મોનીટર, સીપીયુ વગેરે મળીને આશરે ૧૫૦૦૦ રૂપિયાનું નુકશાન થયું હોવાનું જણાઈ આવ્યું હતું. ઈસરી પી.એસ.આઈ. એ ઘટના અંગે તપાસ માટે ધમધમાટ શરુ કરી ચક્રો ગતિમાન કર્યા છે. ધોળાપાણા ગામના લોકોમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં લાગેલી આગ બાબતે શંકા કુશંકાએ જોર પકડયું છે.

# મોડાસા તાલુકાના વોલ્વા નજીક ત્યજી દેવાયેલી બાળકીનો મૃતદેહ મળ્યો

મોડાસા, તા.૪

સરકાર ધ્વારા સ્ત્રીભુણ હત્યા અટકાવવા અને લોકમાં આ બાબતે જાગૃતી લાવવા માટે દર વર્ષે કરોડો રૂપીયાનુ આંધણ કરવામાં આવે છે પરંતુ આ ખર્ચો વ્યય જતુ હોય તેવુ દેખાઈ રહયુ છે.

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના વોલ્વા ગામ નજીકથી આજે તાજી જન્મેલી નવજાત બાળકીની લાશ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. ત્યારે સરકાર ધ્વારા સમાજમાં થતી બાળકીઓની સ્ત્રીભૃણ હત્યા અટકાવવા માટે અને લોકોમાં આ બાબતે જાગૃતી રોકવામાં આવે તે માટે સામાજીક સંસ્થાઓ ધ્વારા પણ અવનવા કાર્યક્રમ પણ યોજવામાં આવે છે. ત્યારે આજે મોડાસાના વોલ્વા પાસેથી નવજાત બાળકીની ત્યજી દીધેલી લાશ મળી આવતા હજુ પણ લોકોમાં આ અંગે જાગૃતી લાવવાની જરૂરી છે. જયારે આ બાળકીની લાશ પર હોસ્પીટલમાં ડીલેવરી દરમ્યાન લગાવવામાં આવતી સ્ટેપલર લગાયેલી હોવાથી આ બાળકી હોસ્પીટલમાં જ મૃત હાલતમાં જન્મી હોય તેવુ અનુમાન લગાવવામાં આવી રહયુ છે. આ અંગે મોડાસા રૂરલ પોલીસે ઘટના સ્થળ પર પહોચી બાળકીની લાશ કબજે લીધી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD  Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦